# <u>કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરૂ ફાઉન્ડેશન (NGO) દાહોદ અંતર્ગત ખેડૂત ભાઈઓ તેમજ બહેનોની મુલાકાત</u>

કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરૂ ફાઉન્ડેશન (NGO) દાહોદ અંતર્ગત ૧૧૦ ખેડૂત ભાઈઓ તેમજ બહેનો દ્વારા તા. ૧૭, ૧૯ અને ૨૩/૦૧/૨૦૧૮ ના રોજ મુલાકાત કરવામાં આવી.

કેન્દ્રના વડા ડૉ. આર.જી. મછાર દ્વારા સજીવ ખેતીનો હેતુ, જૈવિક ખાતરનું મહત્વ, સુધારેલી જાતોની પસંદગી, સંશોધન કેન્દ્ર ખાતે ચાલતા વિવિધ પાકના અખતરા તેમજ વિવિધ શિયાળુ પાકોની માહિતી આપી. પ્રો. સી. બી. ડામોર (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ)) એ મોબાઈલ દ્વારા ખેડૂતોને કેવી રીતે ઝડપથી અને ઘર બેઠા માહિતી મળી રહે તેમજ મકાઈના પાકની વિવિધ જાતો સાથે સાથે બીજ ઉત્પાદન કઈ રીતે કરી શકાય તેમના વિષે માહિતગાર કર્યા હતા અને ત્યારબાદ ખેડૂતોને સંશોધન કેન્દ્રની મુલાકાત કરાવી હતી. પ્રો. જી. ડી. હડિયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કિટકશાસ્ત્ર)) એ ચણા, તુવેર, મકાઇ, દિવેલામાં આવતા રોગ- જીવાતની ઓળખ તથા તેમના સંકલિત વ્યવથાપન વિષે વાત કરી. શ્રી. આર. એલ ચવધરી (ખેતીવાડી અધિકારી) એ કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવતા તુવેર, રાઈ અને દિવેલા પાકના અખતરા વિષે માહિતગાર કર્યા. કેન્દ્રની મુલાકાતે આવેલા ખેડૂતમિત્રોના ખેતીલક્ષી પ્રશ્નો સાંભળ્યા અને ત્યારબાદ તેમનું નિરાકરણ કરવામાં આવ્યું.




કૃષિ સંશોધન કેન્દ્ર
AAU





